सत्यमेव जयते

રે.દિ.મુ.નંબર – ૧૭/૨૦૨૨

વાદી તર્ફે વિ.વ.શ્રી પી.આર.પાનવાલા
પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી એન.જે.મોદી

## વાદી ની આંક-૫ ની દરમ્યાન મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી લગત હુકમ

૧). હાલનો દાવો વાદીએ દાવાવાળી જમીન બાબતે જાહેરાત તથા કાયમી મનાઇ ની દાદ મેળવવા માટે પ્રતિવાદીઓ વિરુધ્ધ દાખલ કરેલ છે, અને જે સાથે આંક-૫ ની સી.પી.સી ઓર્ડર ૩૯ રુલ ૧-૨ તથા કલમ-૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન મનાઇ હુકમ મેળવવા ની અરજી રજુ કરેલ છે અને જે આંક-૫ ની અરજીમાં માંગ્યા મુજબ ની કામચલાઉ મનાઇ અરજીની દાદ આપવા માંગણી કરેલ છે. જે અરજી લગત આ કામના પ્રતિવાદીઓને તાત્કાલીક કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે લગત પ્રતિવાદીઓને નોટીસ કરતા પ્રતિવાદી નાઓ ના.કોર્ટમાં પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને વાદીના દાવા તથા મનાઇ અરજનો પ્રતિવાદી નાએ આંક-૧૩ થી સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ છે, વાદી ધ્વારા પોતાની હાલની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના સમર્થનમાં આંક-૩ ના લીસ્ટ થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજ ની વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | કુંવરજીભાઇ લલ્લુભાઇ તથા દુર્લભભાઇ લલ્લુભાઇ ના બક્ષીસ લેખ ની ઝેરોક્ષ | ૩/૧ |
| ૨. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૨ |
| ૩. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૩ |

| | | |
|---|---|---|
| ૪. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૪ |
| ૫. | ગ્રામ પંચાયતે આપેલ માંગણા બીલની ઝેરોક્ષ | ૩/૫ |
| ૬. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૬ |
| ૭. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૭ |
| ૮. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૮ |
| ૯. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૯ |
| ૧૦. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૦ |
| ૧૧. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૧ |
| ૧૨. | દાવાવાળી મિલકતના આકારણી પત્રક ની ઝેરોક્ષ | ૩/૧૨ |
| ૧૩. | દાવાવાળી મિલકતના આકારણી પત્રકની ઝેરોક્ષ | ૩/૧૩ |
| ૧૪. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૪ |
| ૧૫. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૫ |
| ૧૬. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૬ |
| ૧૭. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૭ |
| ૧૮. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૮ |
| ૧૯. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૧૯ |
| ૨૦. | દાવાવાળી મિલકત અંગે પંચાયત તરફથી આપવામાં આવેલ પહોંચ ની ઝેરોક્ષ | ૩/૨૦ |
| ૨૧. | ગ્રામ પંચાયત પુણીએ આપેલ પરવાનગી ની ઝરોક્ષ | ૩/૨૧ |
| ૨૨. | ગ્રામ પંચાયત ની સામાન્ય સભાના ઠરાવની ખરી નકલ ની ઝેરોક્ષ | ૩/૨૨ |
| ૨૩. | ગ્રામ પંચાયત ની સામાન્ય સભાના ઠરાવની ખરી નકલ ની | ૩/૨૩ |

| | | |
|---|---|---|
| | ઝેરોક્ષ | |
| ૨૪. | વાદીએ પ્રતિવાદી નં ૫ કચેરીમાં કરેલ અરજીની રીસીવ્ડ કોપીની ઝેરોક્ષ | ૩/૨૪ |
| ૨૫. | ગ્રામ પંચાયત પુણીએ વાદીને મોકલાવેલ નોટીસની ઝેરોક્ષ | ૩/૨૫ |
| ૨૬. | વાદીએ અમારા વકીલશ્રી મારફતે મોકલાવેલ જવાબ ની ઝેરોક્ષ | ૩/૨૬ |
| ૨૭. | રજી.પો.એડી ની સફેદ પાવતી ની ઝેરોક્ષ | ૩/૨૭ |
| ૨૮. | વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ કરેલ ફરીયાદ ની ઝેરોક્ષ | ૩/૨૮ |
| ૨૯. | ગ્રામ પંચાયત પુણીએ વાદીને મોકલાવેલ નોટીસ ની ઝેરોક્ષ | ૩/૨૯ |
| ૩૦. | ગ્રામ પંચાયત પુણીએ વાદીને મોકલાવેલ નોટીસ ની ઝેરોક્ષ | ૩/૩૦ |
| ૩૧. | વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ ડી.વાય.એસ.પી સાહેબ સમક્ષ કરેલ ફરીયાદ ની ઝેરોક્ષ | ૩/૩૧ |
| ૩૨. | વાદીએ કરેલ ફરીયાદની સમજ યાદીની ઝેરોક્ષ | ૩/૩૨ |
| ૩૩. | ગ્રામ પંચાયત પુણીએ વાદીને મોકલેલ નોટીસની ઝેરોક્ષ | ૩/૩૩ |
| ૩૪. | વાદીએ અમારા વકીલ શ્રી મારફત મોકલાવેલ જવાબ ની ઝેરોક્ષ | ૩/૩૪ |
| ૩૫. | રજી.પો.એડીની પાવતીની ઝેરોક્ષ | ૩/૩૫ |
| ૩૬. | વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ મે. પલસાણા ના જ્યુ.મેજી.ફ.ક સાહેબ ની કોર્ટમાં કરેલ ફરીયાદ ની નકલ | ૩/૩૬ |
| ૩૭. | ફરીયાદના કામે થયેલ હુકમ ની ઓનલાઈન નકલ | ૩/૩૭ |
| ૩૮. | વાદીએ દાવો દાખલ કરતા અગાઉ પ્રતિવાદીને આપેલ નોટીસ ની રીસીવ્ડ કોપી | ૩/૩૮ |
| ૩૯. | પ્રતિવાદીએ કરેલ પોલીસ ફરીયાદ સામે આપેલ વાંધા અરજી ની નકલ | ૩/૩૯ |
| ૪૦. | વાદીએ મોકલેલ નોટીસનો પ્રતિવાદીએ આપેલ જવાબ ની નકલ | ૩/૪૦ |

૨). વાદીના દાવા તથા કામચલાઉ મનાઇ હુકમ અરજી લગતની નોટીસો પ્રતિવાદીઓ ને બજતા પ્રતિવાદી નાઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને આંક-૧૩ થી દાવા તથા મનાઇ અરજનો સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ, અને પોતાના જવાબ સાથે દસ્તાવેજી પુરાવાનુ આંક-૧૪ નુ લીસ્ટ રજુ કરેલ છે, નીચે મુજબના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજ ની વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | મર્હુમ ભુલાભાઇ ભગવાનભાઇ ના મિલકત નં ૨૫૨ ની આકારણી પત્રક | ૧૪/૧ |
| ૨. | મર્હુમ ભુલાભાઇ ભગવાનભાઇ ના મિલકત નં ૨૫૨ ની આકારણી પત્રક | ૧૪/૨ |
| ૩. | મર્હુમ ભુલાભાઇ ભગવાનભાઇ ના મિલકત નં ૨૫૨ ની આકારણી પત્રક | ૧૪/૩ |
| ૪. | મર્હુમ ભુલાભાઇ ભગવાનભાઇ ના મિલકત નં ૨૫૨ ની આકારણી પત્રક | ૧૪/૪ |
| ૫. | મર્હુમ ભુલાભાઇ ભગવાનભાઇ ના મિલકત નં ૨૫૨ ની આકારણી પત્રક | ૧૪/૫ |
| ૬. | વાદી ની મિલકત નં ૬૬૬ ની આકારણી પત્રક | ૧૪/૬ |
| ૭. | પંચાયત તરફથી વાદીને લખવામાં આવેલ પત્ર ની નકલ | ૧૪/૭ |
| ૮. | પંચાયત તરફથી વાદીને લખવામાં આવેલ પત્ર ની નકલ | ૧૪/૮ |
| ૯. | પંચાયત તરફથી વાદીને લખવામાં આવેલ પત્ર ની નકલ | ૧૪/૯ |
| ૧૦. | વાદીને આપેલ પરવાનગી ની શરતો સાથેના ઠરાવ નં ૪(૧) ની નકલ | ૧૪/૧૦ |
| ૧૧. | ભુલાભાઇ ભગવાનભાઇ ના મરણનો દાખલો અસલ | ૧૪/૧૧ |
| ૧૨. | મોજે પુણી માહયાવંશી મોટા ફળીયાના રહીશો ધ્વારા સરપંચ તથા તલાટીશ્રીને આપવામાં આવેલ પત્ર ની નકલ | ૧૪/૧૨ |
| ૧૩. | રમણભાઇ ભીખાભાઇ માહ્યાવંશીએ કરી આપેલ થર્ડ પાટી એફીડેવીટ | ૧૪/૧૩ |
| ૧૪. | મહેન્દ્રભાઇ ભીખાભાઇ સુરતીઐ કરી આપેલ થર્ડ પાર્ટી એફીડેવીટ | ૧૪/૧૪ |
| ૧૫. | બળવંતભાઇ ગોવિંદભાઇ રાઠડએ કરી આપેલ થર્ડ પાર્ટી એફીડેવીટ | ૧૪/૧૫ |
| ૧૬. | અરવિંદભાઇ ડાહયાભાઇ સુરતીએ કરી આપેલ થર્ડ પાર્ટી એફીડેવીટ | ૧૪/૧૬ |
| ૧૭. | બીપીનભાઇ ભીખુભાઇ સુરતીએ કરી આપેલ થર્ડ પાર્ટી એફીડેવીટ | ૧૪/૧૭ |
| ૧૮. | બાલુભાઇ ભીખુભાઇ સુરતીએ કરી આપેલ થર્ડ પાર્ટી એફીડેવીટ | ૧૪/૧૮ |

૩). આ કામે રજુ થયેલ વાદીના દાવા અને મનાઇ હુકમ અરજની વિગતો, સાથે રજુ થયલે દસ્તાવેજી પુરાવા, તેમજ પ્રતિવાદી તર્ફે રજુ થયેલ જવાબ ની વિગતો વંચાણે લીધેલ છે.

૪). આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી ધ્વારા પોતાની કામચલાઉ મનાઇ હુકમ અરજી લગત મૌખીક દલીલો કરી પોતાની માલીકીની મિલકતમાં કરી રહેલ બાંધકામ કાયદેસરનુ હોવા છતાં અને ગ્રામ પંચાયતની કાયદેસરની પરવાગની મેળવેલ હોવા છતાં પ્રતિવાદીઓ ગેરકાયદેસર અટકાયત કરતા હોય, વાદી વયોવૃધ્ધ ઈસમ હોય અને એકલા રહેતા હોય, તેમણે કોઇ ગેરકાયદેસર બાંધકામ કરેલ ના હોય, હાલનો દાવો ચાલતા દરમ્યાન કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની વાદીની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. તેમજ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી એ દલીલો કરતા જણાવેલ છે કે, વાદી ની માલીકીની મિલકત સિવાય તેઓ મંદીર ની માલીકીની જગ્યા જે વાદીના મકાન ની પાછળ ની બાજુ આવેલ છે તે જમીન માં ગેરકાયદેસર બાંધકામ કરી રહેલ હોય, તેઓને અટકાવવા પ્રતિવાદી નં ૧ થી ૩ ધ્વારા જાહેર હીતમાં ગ્રામ પંચાયત ને અરજી આપતા, ગ્રામ પંચાયતે વાદીને મંદીરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં વાદીની પોતાની માલીકીની હોવાના પુરાવા રજુ કરવા જણાવેલ, જે વાદી રજુ કરી શકેલ નથી અને જે બક્ષીસ લેખ છે તેમાં મિલકતનુ કોઇ વર્ણન કરેલ નથી, આમ વાદી પોતાના જુના મકાન ને નવીન બનાવવા ના ઓથા હેઠળ ગેરકાયદેસર બાંધકામ કરી રહેલ હોય અને મંદીર ની જગ્યા પચાવી પાડવા પ્રયત્ન કરી રહેલ હોય, તેઓને કોઇ મનાઇ હુકમ આપવો જોઇએ નહી અને અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૫). વાદીની દાવા અરજી તથા મનાઇ અરજી ની વિગતો તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતાં તેમજ રજુ થયેલ પુરાવા અને પ્રતિવાદી તર્ફે નો લેખિત જવાબ,દસ્તાવેજી પુરાવા તથા રજુઆત ધ્યાને લેતા મારી સમક્ષ હાલની ની-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના નીકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

<u>મુદ્દા :-</u>

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

૩. શું મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવુ  અપરીહાર્ય નુકશાન થવાનો સંભવ રહેલો છે ?

૪. શું હુકમ ?

૬). ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. "નકારમાં "

૨. "નકારમાં "

૩. "નકારમાં"

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નીર્ણયો અર્થે મારા કારણો નીચે મુજબ છે :

--:: કા ર ણો ::-

૭). મુદ્દા નં ૧ થી ૪ :-

ઉપરોક્ત તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય, વારંવારનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરેલ છે. વાદી તર્ફે કરવામાં આવેલ રજુઆત મુદ્દાની ચર્ચા સાથે આવરી લીધેલ છે.

**Essential elements to grants or refuse interim injunctions:-**

It is pertain to note that  the power to grant a temporary injunction is in the discretion of the court, this discretion however, should be exercised reasonably, judiciously and on the legal principles. Injunction should not lightly granted as it adversely affects the other side. Generally , before granting the injunction, court must satisfied about the following aspects namely, prima-facie case, irreparable injury and  balance of convenience.

The first rule is that the applicant must make out a ***prima facie case*** in support of the right

claimed by him, court must be satisfied that there is a bona fide dispute raised by the applicant, there is strong case for trial which needs investigation. A prima facie case does not mean a case proved to the hilt but a case which can be said to be established if the evidence which is led in support of the same were believed. While determining whether a prima-facie case had been made out the relevant consideration is whether on the evidence led it was possible to arrive at the conclusion in question and not whether that was the only conclusion which could be arrived at on that evidence.

Existence of the prima facie case alone does not entitled the applicant for a temporary injunction, but the applicant must satisfied the court that he will suffer ***irreparable injury*** if the injunction as prayed for is not granted and that there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury.

Third condition for granting interim injunction is that the ***balance of convenience*** must be in favor of the applicant. In other words, court must be satisfied that the comparatives mischief hardship or inconveniences which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

In case of judgment of Hon'ble Gujarat High Court J. M. Patel V. D.B. Patel reported in 2007 GLR 79, in Para - 15 it is observed that It is not the law that moment the suit is filed, trying to make out some case, by ignoring the material on record injunction must follow. If material is not be considered at the time of deciding injunction

application, Courts will be flooded with frivolous litigations. Therefore, the Court is required to examine minutely the merits of the case and the circumstances in existence...

આ કામે વાદી ના કથનો મુજબ તેઓ તાલુકા પલસાણા ના મોજે ગામ પુણી મા માહયાવંશી મહોલ્લામાં આવેલી મિલકત નં ૬૬૬ જેનો જુનો નંબર ૪૯૧/૧ હતો તેના માલીક અને કબજેદાર છે અને જે મિલકત વાદીના પતિ શ્રી જગુભાઇ મોરારભાઈ સુરતીને કુંવરજીભાઇ લલ્લુભાઇ રાઠોડ તથા દુર્લભભાઇ લલ્લુભાઇ રાઠોડ નાઓએ તા.૨૯/૦૧/૧૯૯૦ ના ૨જ ના બક્ષીસ લેખ થી બક્ષીસ કરી આપેલ, જે બક્ષીસ લેખ આ કામે માર્ક ૩/૧ થી રજુ કરેલ છે જે જોતાં તે મિલકતના માલીક કોઇ રામીબેન હોવાનો ઉલ્લેખ કરેલ છે અને તેઓ લેખ કરેલ તેના ૬૦ વર્ષ અગાઉ ગુજરી ગયેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે અને તેમના વારસદાર તરીકે કુંવરજીભાઇ લલ્લુભાઇ રાઠોડ તથા દુર્લભભાઇ લલ્લુભાઇ રાઠોડ નાઓને મળેલ હોવાનુ બક્ષીસ લેખમાં જણાવે છે પરંતુ પ્રતિવાદી વાંધો લેતા જણાવે છે કે, સદર મિલકતની પાછળ આવેલ ખુલ્લી જગ્યા નો કોઇ નંબર આપવામાં આવેલ નથી, અને ખુલ્લી જગ્યામાં મંદીર આવેલ છે અને તે મંદીર સહીતની જગ્યા મુળ ભુલાભાઇ ભગવાનભાઇ ની માલીકીની ચાલી આવેલી અને તેઓ તા.૨૯/૦૭/૧૯૬૯ ના રોજ પુણી મુકામે ગુજરી ગયેલા, અને સદર ભુલાભાઇ ભગવાનભાઇ ના કોઇ વારસદારો ન હતા એટલે તેમની હયાતીમાં તેમના ધ્વારા સીગોતેર માતાનુ મંદીર બનાવ્યુ હતુ અને તેમણે મંદીરની પાછળ ની જગ્યા પણ મંદીર ને આપી દીધી હતી, અને વાદીએ રજુ કરેલા બક્ષીસ લેખમાં કોઇ રામીબેન માલીક હોવાનુ જણાવે છે અને તેઓ ૬૦ વર્ષ પહેલા ગુજરી ગયેલા નુ જણાવે છે, જેથી સદર મર્હુમ ભુલાભાઇ ભગવાનભાઇ ની માલીકીની જમીનના રામીબેન કઇ રીતે માલીક બનેલા અને તેઓ સને ૧૯૩૦ માં ગુજરી ગયેલ હોવાનુ લેખમાં બતાવેલ છે, જેથી આ કરાર બોગસ અને ઉભો કરેલ છે, આ કથનો પ્રતિવાદીએ પોતાના આંક-૧૩ ના લેખિત જવાબમાં કરેલા છે , આમ પ્રતિવાદીએ કરેલા કથનો મુજબ સદર મિલકત નં ૪૯૧/૧ જેનો નવો નંબર ૬૬૬ પડેલ છે તેમાં વાદી બાંધકામ કરતા હોવાના વાદીએ કથનો કરેલા છે, તે

મિલકતના માલીક વાદી હોવાનુ સ્વીકારેલ નથી અને વાદી તે ખૂલ્લી આ મિલકત નં ૬૬૬ ની બાજુમાં રહેતા હતા અને આ જગ્યા જ્યાં બાંધકામ કરે છે તે મિલકત નં ૬૬૬ ની જગ્યા નથી, જેથી સદર કામે પ્રતિવાદીએ ઉઠાવેલ તકરાર આધારે વાદીએ જે તે સમયે બક્ષીસ લેખ આધારે પોતાનુ નામ સદર મિલકતના માલીક અને કબજેદાર તરીકે દાખલ કરાવેલ છે, તે ગેરકાયદેસર રીતે કરાવેલ હોવાના કથનો કરેલા છે અને જે આક્ષેપો સામે વાદી ધ્વારા તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી, કે રામીબેન સદર મિલકતના માલીક હોવાનો અને તેઓના બાદ તેમના વારસદારો કુંવરજીભાઈ લલ્લુભાઈ રાઠોડ તથા દુર્લભભાઈ લલ્લુભાઈ રાઠોડ ના નામે સદર મિલકત દાખલ થયેલ હોવાના કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી, જેથી વાદીના કથનો મુજબ તેઓને કુંવરજીભાઈ લલ્લુભાઈ રાઠોડ તથા દુર્લભભાઈ લલ્લુભાઈ રાઠોડ નાઓ ધ્વારા બક્ષીસ લેખ થી આપેલ હોવાનુ પુરવાર થયેલ નથી અને જેથી જ્યાં સુધી વાદીની કાયદેસરની માલીકી પુરવાર ના થાય ત્યાં સુધી વાદી ને સદર મિલકતમાં બાંધકામ કરવા અધિકાર નહી હોવાના પ્રતિવાદી તર્ફે થયેલ કથનો માનવા યોગ્ય જણાય છે. વધુમાં માર્ક ૩/૧ વાળા બક્ષીસ લેખમાં માપ ૨૦“ × ૪૪” ની મિલકત બક્ષીસ આપેલ હોવાના કથનો કરેલા છે પરંતુ તે મિલકતના કોઈ નંબર બતાવેલા નથી, જેથી સદર બક્ષીસ વાળી મિલકત વાદી જ્યાં બાંધકામ કરી રહેલ છે તે જ મિલકત હોવાનુ પણ પુરવાર થયેલ નથી, વધુમાં આ કામે થયેલ કોર્ટ કમીશન માં પણ દક્ષીણ તરફ ખુલ્લી જગ્યા મુકી મંદીર આવેલ હોવાનુ જણાવેલ છે અને જેથી મંદીર વાળી ખુલ્લી જગ્યામાં વાદી બાંધકામ કરતા હોવાનુ હાલના તબક્કે માની શકાય તેમ છે, વધુમાં વાદી જે મિલકતમાં બાંધકામ કરી રહેલ છે તે મિલકતની માલીકી બાબતે તકરાર ઉભી થયેલ છે અને જેથી જ્યાં સુધી પુરાવા લઈ અને કાયદેસરની માલીકી પુરવાર થાય નહી ત્યાં સુધી વાદી પોતાની માલીકીની જગ્યામાં બાંધકામ કરતા હોવાનુ માની શકાય તેમ નથી, વધુમાં પ્રતિવાદી તર્ફે રજુ કરેલા પુરાવાથી મિલકત નં ૨૫૨ ના માલીક ભુલાભાઈ ભગવાનભાઈ હોવાનુ માની શકાય છે અને જે બાબતે વાદી તર્ફે કોઈ તકરાર પણ ઉઠાવવામાં આવેલ નથી, વધુમાં માર્ક ૧૪/૧૩ થી માર્ક ૧૪/૧૮ સુધીના જે થર્ડ પાર્ટી સોગંદનામા પ્રતિવાદી તર્ફે રજુ થયેલ છે તેમાં સોગંદનામુ કરનાર ના કથનો

જોવામાં આવે તો તેમાં "મોજે પુણી ના માહ્યાવંશી ફળીયામાં આવેલ જુનો ઘર નં ૪૯૧/૨ જે ચાલી આવેલો જેનો નવો મિલકત નં ૬૬૬ આપવામાં આવેલ છે તે મિલકત ખોટી રીતે દેવીબેન પોતાના નામે ચઢાવી દીધી છે, મિલકત નં ૬૬૬ માં મંદીર તથા તકરારી ખુલ્લી જમીન ચાલી આવેલી. જે ખુલ્લી જગ્યાનો ગ્રામ પંચાયત દફતરે કોઇ આકારણી નંબર આપવામાં આવેલ નથી" તેવા કથનો કરેલા છે , જેથી વાદી જે જમીનમાં બાંધકામ કરી રહેલ છે તે મંદીર ની ખૂલ્લી જગ્યા નથી તેવું પુરવાર કરવા માટે પુરાવો લેવો જરુરી છે, વધુમાં વાદી પોતાના કબજાની અને પોતાના નામે ચાલતી મિલકતમાં બાંધકામ કરતા હોવાના કથનો કરી રહેલ છે, પરંતુ પ્રતિવાદી ના કથનો મુજબ મંદીર ની ખુલ્લી જમીનમાં બાંધકામ કરતા હોવાનુ અને તે મિલકત મંદીર ની માલીકીની હોવાના કથનો કરેલા છે અને જેના સમર્થનમાં થર્ડ પાર્ટી સોગંદનામા પણ રજુ કરેલ છે, આમ વાદી ધ્વારા હાલમાં જે મિલકતમાં બાંધકામ કરવામાં આવી રહેલ છે તે મિલકત વાદીની કાયદેસરની માલીકીની હોવાની તકરાર લીધેલ છે, અને સદર મિલકત વાદીએ ખોટી રીતે નામે દાખલ કરાવેલ હોવાના કથનો પ્રતિવાદીએ કરેલા છે ,જેથી વાદીની કાયદેસરની માલીકી હોવાનુ પુરવાર કરવા પુરાવા લેવા જરુરી છે, જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેશ નથી તેમ મારુ માનવુ છે, તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં નહી હોવાનુ મારુ માનવુ છે, કારણ કે વાદી જે મિલકતમાં બાંધકામ કરી રહેલ છે તેની માલીકી બાબતે તકરાર છે અને કાયદેસરના માલીક હોવા બાબતે કોઇ પુરાવા પણ વાદી તર્ફે રજુ થયેલ નથી, જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં વિશેષ નથી અને જ્યારે વાદીની માલીકી ની મિલકતમાં વાદી બાંધકામ કરતા હોવાનુ રેકર્ડ ઉપરના પુરાવા થી માની શકાય તેમ ના હોય અને વાદીની કાયદેસરની માલીકી હોવાના પણ પુરાવા વાદી ધ્વારા રજુ કરેલા ના હોય, અને પ્રતિવાદી તર્ફે રજુ થયેલ થર્ડ પાર્ટી સોગંદનામા મુજબ વાદી મંદીર ની ખુલ્લી જગ્યામાં બાંધકામ કરતા હોવાનુ રેકર્ડ ઉપર આવેલ હોય ત્યારે વાદીને મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવું કોઇ નુકશાન થતુ નથી તેમ મારુ માનવુ હોય, જેથી હાલના તબક્કે કામચલાઉ મનાઇ હુકમ અરજી નક્કી કરવા માટે ઉપસ્થીત થયેલ મુદા નં ૧ થી ૩ નો

જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં -૪ બાબતે  ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**--:: આખરી હુકમ ::-**

૧. વાદીઓ ની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. આ અરજીનુ ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૧૭ મી માહે ઓક્ટોબર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પલસાણા.

તા.૧૭/૧૦/૨૦૨૨

જયેશ વાલજીભાઇ ચૌહાણ
મુખ્ય સીવીલ જજ, પલસાણા.
તા.પલસાણા.જી. સુરત.
યુ.આઇ. કોડ નંબર જીજે ૦૧૪૩૧